ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જિલ્લામાં સવારે ૬થી સાંજે ૪ વાગ્યા સુધી સરેરાશ ૪૮.૮૮ મિ.મી. વરસાદ પડ્યો

બોરસદમાં પાંચ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકાર

બોરસદમાં બે કલાકમાં જ ૧૧૦ મિ.મી., તારાપુરમાં ૭૮ અને આંકલાવમાં ૬૪ મિ.મી.

(પ્રતિનિધિ) આણંદ તા ૧૪

આણંદ જિલ્લામાં લાંબા વિરામ બાદ સોમવારે વહેલી સવારથી ફરી મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરતાં સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. જિલ્લા કંટ્રોલરૂમના આંકડા મુજબ સવારે ૬થી સાંજે ૪ વાગ્યા સુધીમાં આણંદ જિલ્લાના આઠેય તાલુકામાં કુલ મળીને સરેરાશ ૪૮.૮૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને બોરસદ તાલુકામાં વરસાદે ભારે જોર પકડતાં માત્ર બે કલાકમાં જ ૧૧૦ મિ.મી. વરસાદ ખાબક્યો હતો.

સવારે ૬થી ૮ વાગ્યા દરમિયાન તારાપુરમાં ૫૨ મિ.મી., પેટલાદમાં ૧૪ મિ.મી., આંકલાવમાં ૧૨ મિ.મી. અને બોરસદમાં ૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ સવારે ૮થી ૧૦ વાગ્યાના સમયગાળામાં બોરસદમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતાં ૧૧૦ મિ.મી. વરસાદ વરસ્યો હતો. આ જ સમયગાળામાં તારાપુરમાં ૨૧, સોજિત્રામાં ૨૦, ઉમરેઠમાં ૧૭, ખંભાતમાં ૭, આણંદમાં ૨ અને આંકલાવમાં ૨૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સવારે ૧૦થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન પેટલાદમાં ૨૫ મિ.મી., બોરસદમાં ૧૮ મિ.મી. અને આંકલાવમાં ૨૦ મિ.મી. વરસાદ પડ્યો હતો. બપોરે ૧૨થી ૨ વાગ્યા દરમિયાન જિલ્લામાં વરસાદનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં આણંદમાં ૩, બોરસદમાં ૫અને આંકલાવમાં ૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. બપોરે ૨થી ૪ દરમિયાન માત્રઆણંદમાં ૧મિ.મી. વરસાદ નોંધાયો હતો. આણંદ જિલ્લામાં વરસાદના આગમનથી ચોમાસાની ખેતી પર આધાર રાખતા ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી છે. ખાસ કરીને ડાંગર સહિતના પાક માટે વરસાદી પાણી રાહતરૂપ બન્યું છે. જોકે બોરસદ, પેટલાદ અને આંકલાવ પંથકમાં ટૂંકા ગાળામાં પડેલા ભારે વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તો પાકને નુકસાનની ભીતિ પણ ઊભી થઈ શકે છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ખેડૂતો માટે મહત્વની બની છે. ભારે વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાવા, વાહનવ્યવહાર ધીમો પડવા તથા નીચાણવાળા વિસ્તારોમાં અવરજવરમાં મુશ્કેલ સ્થિતિ સર્જાઈ હતી. સતત વાદળછાયા વાતાવરણ અને વરસાદને કારણે સમગ્ર આણંદ જિલ્લામાં ચોમાસાની સ્થિતિ અનુભવાઈ હતી.

શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં ઠેરઠેર પાણી ભરાયા

આણંદ-ખેડા જિલ્લામાં એક મહિના જેટલા સમયના લાંબા અંતરાલ બાદ ગતરોજ રવિવારે મોડી રાત્રે અને સોમવારે વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો છે. સોમવારે પાંચેક વાગ્યાના અરસામાં વરસાદનુ સમગ્ર ચરોતરમાં આગમન શરૂ થઈ ગયું હતું. શરૂઆતમાં છુટાછવાયા છાંટા પડ્યા બાદ સર્વત્ર ગાજવીજ સાથે આણંદ ખેડા જિલ્લામાં તમામ તાલુકાઓમાં વરસાદ - વરસતા સિંચાઇ વગર સુકાઇ રહેલા પાકને જીવતદાન મળ્યું હોવાનો હાશકારો ખેડૂતોએ અનુભવ્યો છે. ખેતીને અનુકૂળ વરસાદને લઈને ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે. અચાનક જ વરસાદનું આગમન થતાં ગણેશ પંડાલના મંડળોમાં દોડધામ મચી ગઈ હતી. યુવકો પંડાલને પ્લાસ્ટિકથી સજ્જ કરવાની મથામણ કરતાં જોવા મળ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એક માસ કરતાં વધુ સમયથી વરસાદ ન પડતા ભાલ પંથક સહિત સમગ્ર ચરોતર વિસ્તારના ડાંગર સહિત વિવિધ ચોમાસું પાક બળી રહ્યો હતો. વરસાદના અભાવે ગરમીનો પારો ઉંચા જતાં લોકો ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતાં. જોકે શનિવાર બપોર બાદ લો પ્રેશર સિસ્ટમ સક્રિય થતાં ચરોતરમાં પંથકમાં વાદળોનું આગમન શરૂ થયું હતું.વરસાદી માહોલ છવાયો હતો. ચરોતરમાં મહત્તમ વિસ્તારોમાં સવારે છ વાગ્યાના અરસામાં શરૂ થયેલ વરસાદ દોઢ બે કલાક સુધી ધડબડાટી બોલાવતા મોટાભાગના શહેરોમાં અને ગ્રામ્ય પંથકના નીચાણવાળા વિસ્તારોમાં અને ગરનાળામાં પાણી ભરાઈ ગયા હતા. તેને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું.

ભાદરવે ભરપૂર | ખેડા જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતાં ખેડૂતોમાં આનંદ

નડિયાદ શહેરમાં સૌથી વધુ ૪ ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયાં

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા પણ ગણેશોત્સવનો ઉત્સાહ અકબંધ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૪

ખેડા જિલ્લામાં ભાદરવા માસમાં સોમવારે સવારથી જ ધીમીધારે અવિરત વરસાદ શરૂ થતાં સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં નડિયાદ તાલુકામાં સૌથી વધુ ૯૬ મીમી (૪ ઈંચ) વરસાદ ખાબક્યો છે. ભાદરવાના આ વરસાદથી ડાંગર સહિતના ઉભા પાકને નવજીવન મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ખેડા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ ૫૪.૭૩ મિમી વરસાદ નોંધાયો છે, જે સાથે સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૯૩૪.૧૮ મિમી થયો છે. નડિયાદમાં ૪ ઈંચ વરસાદ નોંધાતાં સિઝનનો કુલ વરસાદ ૧૭૦૫ મિમી પર પહોંચી ગયો છે. ભારે વરસાદના કારણે નડિયાદ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જોકે ગણતરીના કલાકોમાં પાણી ઓસરી જતાં વાહનચાલકો અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ, પાલિકા તંત્રની પ્રી-મોન્સુન કામગીરીની પોલ ખુલતા અનેક વિસ્તારોમાં ગંદકીના સામ્રાજ્ય અને ગટરો ઉભરાવાની સમસ્યાઓ સર્જાતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે.

નડિયાદમાં વરસાદી માહોલ વચ્ચે પણ આગામી ગણેશ ચતુર્થીના તહેવારને લઈને લોકોનો ઉત્સાહ અકબંધ જોવા મળી રહ્યો છે. ગણેશજીની સ્થાપના પૂર્વે બજારોમાં પૂજાપો અને મૂર્તિઓ ખરીદવા માટે ભારે ભીડ જામી રહી છે તથા ગણપતિ પંડાલોમાં આયોજકો દ્વારા વોટરપ્રુફ મંડપો બાંધવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ શહેરમાં એક મહિનાના વિરામ બાદ વરસાદ પડ્યો છે. પરંતુ આ એક મહિનાના ગાળામાં મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીમાં રહેલી ત્રુટી પુર્ણ કરી શક્યું નથી. જેના કારણે પાણી ભરાવાની સમસ્યા યથાવત્ જોવા મળી હતી.

ખેડા જિલ્લાના તાલુકાવાર વરસાદ

તાલુકો	૨૪ કલાક
નડિયાદ	૯૬ મિમી
માતર	૮૨ મિમી
મહેમદાવાદ	૬૯ મિમી
વસો	૫૯ મિમી
ખેડા	૫૮ મિમી
ગળતેશ્વર	૫૦ મિમી
કઠલાલ	૪૮ મિમી
મહુધા	૪૮ મિમી
ઠાસરા	૩૮ મિમી
ફાગવેલ	૨૯ મિમી
કપડવંજ	૨૫ મિમી
સરેરાશ	૫૪.૭૩ મિમી

નડિયાદમાં કલાકો ગુલ રહેતા રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ શહેરમાં રવિવારના રોજ વરસાદ પડતાં જ અનેક વિસ્તારમાં વીજ પુરવઠો ગુલ થઈ ગયો હતો. ખાસ કરીને અન્ડરગ્રાઉન્ડ લાઈનવાળા વિસ્તારમાં કલાકો સુધી વીજ પુરવઠો પુર્વવત ન થતાં રોષ ફેલાયો હતો.

નડિયાદ ખાતે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા અંડરગ્રાઉન્ડ લાઈન નાખ્યા બાદ પણ વીજ ધાંધિયા યથાવત રહ્યા છે. રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સાઈબાબા ફીડર હેઠળના ચકલાસી ભાગોળ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઈનમાં એકસાથે ૪ જગ્યાએ કેબલ ફોલ્ટ સર્જાયા હતા. રવિવારની રજાના દિવસે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહેતા બીમાર, વૃદ્ધો અને નાના વેપારીઓને ભારે હાલાકી વેઠવી પડી હતી. બપોરે ૩:૪૫ વાગ્યે વીજ પુરવઠો ફરી શરૂ થયા બાદ સાંજે ૫:૩૭ વાગ્યે ફરીથી વીજળી ગુલ થઈ ગઈ હતી.

મરચીના ધરૂવાડિયાં તણાયા , લાખોની નુકસાનીથી ખેડૂતો પાયમાલ

બોચાસણ-ગોરેલ પાસે રેલવેનું કામ ખેડૂતો માટે આફત બન્યું

ગોરેલ-બોચાસણ સીમમાં ભાદરણ-નડિયાદ રેલવે લાઇનના ગરનાળાની કામગીરીથી વરસાદી પાણીનો નિકાલ અટક્યો

(પ્રતિનિધિ) આણંદ તા ૧૪

બોરસદ તાલુકાના ગોરેલ અને બોચાસણ ગામના સીમ વિસ્તારમાં ભાદરણ-નડિયાદ રેલવે લાઈનના ગરનાળાની કામગીરી હાલમાં ચાલુ છે. આ દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટેના કાંસમાં માટી પૂરાણ કરી દેવામાં આવતાં અચાનક પડેલા વરસાદનું પાણી ખેતરોમાં ફરી વળ્યું હતું. પાણીના ભરાવાથી ખાસ કરીને મરચીના ધરૂવાડિયાંને લાખો રૂપિયાનું નુકસાન થતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ગોરેલ-બોચાસણ સીમ વિસ્તારમાં હાલ રેલવે લાઈનના ગરનાળાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન રેલવે વિભાગ હેઠળ કામ કરતી એજન્સી દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેનો કાંસ માટી પૂરાણ કરીને બંધ કરી દેવાયો હોવાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો છે. સામાન્ય સ્થિતિમાં વરસાદી પાણી આ કાંસ મારફતે આગળ વહી જતું હતું, પરંતુ કાંસ બંધ થતાં પાણીનો કુદરતી પ્રવાહ જ અટકી ગયો હતો. સોમવારે અચાનક વરસાદ પડતાં વિકટ સ્થિતિ સર્જાઈ હતી. કાંસનું પાણી ગરનાળા નીચેથી પસાર થઈ શક્યું નહોતું અને પાણીનો મોટો જથ્થો આસપાસના ખેતરોમાં ઘૂસી ગયો હતો. પરિણામે મરચીના ધરૂવાડિયાં પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. વર્ષભરની ખેતીની આશા સાથે કરેલી મહેનત ગણતરીના કલાકોમાં પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોની હાલત કફોડી બની છે.

પાણી ભરાવાથી ધરુવાડીયા અને પાકને નુકસાન થયુ છે. સાથે સાથે ખેતરોની જમીનનું પણ વ્યાપક ધોવાણ થયું છે. ખેતીલાયક જમીનની ઉપજાઉ માટી ધોવાઈ જતાં આગામી સિઝનમાં ઉત્પાદન પર પણ અસર થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. એક તરફ તૈયાર કરેલા મરચીના ધરૂવાડિયાં બરબાદ થયા છે, તો બીજી તરફ જમીનને થયેલા નુકસાનથી ખેડૂતો પર આર્થિક બોજો વધ્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, વરસાદી પાણીના નિકાલની યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના કાંસ બંધ કરવામાં આવતા આ સ્થિતિ સર્જાઈ છે. કામગીરી દરમિયાન પાણીના કુદરતી વહેણને અવરોધવામાં ન આવે અને વરસાદ પડે ત્યારે ખેતરોમાં પાણી ન ભરાય તેની જવાબદારી સંબંધિત એજન્સીની હોવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

નુકસાનનું તાત્કાલિક પંચનામું કરી વળતર આપો

ખેડૂતોએ સમગ્ર નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી મરચીના ધરૂવાડિયાં સહિત અન્ય પાક અને જમીનના ધોવાણનું યોગ્ય મૂલ્યાંકન કરી વળતર ચૂકવવાની માંગ કરી છે. સાથે જ બંધ કરાયેલા વરસાદી કાંસને તાત્કાલિક ખુલ્લો કરી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવાની માંગ પણ કરવામાં આવી છે.રેલવેની કામગીરી જરૂરી છે, પરંતુ તેના કારણે ખેડૂતોના ખેતરો તળાવ બની જાય અને વર્ષોની મહેનત પાણીમાં વહી જાય તેવું નુકસાન ખેડૂતો સહન કરી શકે તેમ નથી. હવે સંબંધિત તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર ખેડૂતોની નજર મંડાઈ છે.

મહાનગરપાલિકાની ચોમાસામાં અધૂરી કામગીરી જીવલેણ બની

નડિયાદમાં સરદાર સ્ટેચ્યુ પાસે ખુલ્લા કાંસમાં આધેડ ખાબક્યા

ઘટનાનો વિડીયો વાયરલ થતાં વિપક્ષે કડક કાર્યવાહીની માંગ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલી કાંસના નિર્માણની અધૂરી અને સુરક્ષા વગરની કામગીરી શહેરીજનો માટે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. સરદારના સ્ટેચ્યુ નજીક પોલીસ લાઈન સામે શનિવારે રાત્રે અંધારામાં, સુરક્ષા વ્યવસ્થા કે ચેતવણી બોર્ડ વિનાના ઊંડા કાંસ પાસે પસાર થતાં ૧ આધેડ વ્યક્તિ અચાનક સંતુલન ગુમાવીને સીધા કાંસમાં ખાબક્યા હતા.

નડિયાદમાં અચાનક બનેલી આ ઘટનાથી ભારે હોબાળો મચી ગયો હતો. અવાજ સાંભળીને દોડી આવેલા આસપાસના લોકો પૈકી ૧ સાહસિક યુવાને કાંસમાં ઉતરીને ભારે જહેમત અને સમયસૂચકતા દાખવી આધેડને સહીસલામત બહાર કાઢતા મોટી દુર્ઘટના ટળી હતી. આ સમગ્ર બનાવનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં તંત્ર સામે ઉગ્ર રોષ ફેલાયો છે. વેપારીઓએ આવી દુર્ઘટનાઓ રોકવા કાંસની ફરતે તાત્કાલિક મજબૂત પતરાની આડશ લગાવવાની માંગ કરી છે. આ મામલે શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે પણ કોન્ટ્રાક્ટર તેમજ મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓની લાપરવાહી સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરી છે.

કાંસની ફરતે બેરીકેટ મૂકી બંધ કરવા સૂચના

કાંસમાં આધેડ ખાબકવાની ઘટના અંગે નડિયાદ મહાનગરપાલિકાના કમિશનર કિરણ ઝવેરીનું ધ્યાન દોરવામાં આવતા તેમણે આ મામલાને અત્યંત ગંભીર ગણાવ્યો હતો. તેમણે ઘટનાસ્થળે તાત્કાલિક બેરીકેટ મૂકીને કાંસ ફરતેનો ભાગ સુરક્ષિત રીતે બંધ કરી દેવાની કડક સૂચના જારી કરી છે. આ સાથે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે કોન્ટ્રાક્ટરની આવી બેદરકારી સાંખી લેવામાં નહીં આવે અને નિયમ મુજબ કડકમાં કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

નડિયાદના અરેરા ગામમાં ૪.૮૦ લાખનો દારૂ ઝડપાયો

એસએમસીના દરોડામાં વરઘોડાની ભીડનો લાભ લઈ બુટલેગર ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ખેડા જિલ્લાના અરેરા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરની ટીમે ફિલ્મી ઢબે પીછો કરીને વિદેશી દારૂ ભરેલી એક કાર ઝડપી પાડી છે. કાર ચાલક ગામમાં ગણપતિના વરઘોડાની ભીડનો લાભ ઉઠાવીને વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે દારૂ અને કાર મળીને કુલ ૧૪.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ ખેડા જિલ્લામાં પેટ્રોલીંગમાં હતી ત્યારે કઠલાલથી મહુધા થઈ નડિયાદ તરફ દારૂ ભરેલી એક કાર પસાર થઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. પોલીસે ખાનગી વાહનોથી કારનો પીછો કરતાં ચાલકે અરેરા ગામના મોટી ખડકી ફળિયામાં કાર ઊભી રાખી દીધી હતી અને ટોળાનો લાભ લઈને ભાગી છૂટ્યો હતો. આ કારમાંથી ૪,૮૦,૬૯૨ની કિંમતની વિદેશી દારૂ અને બીયરની ૨,૩૧૫ બોટલ/ટીન મળી આવ્યા છે, જેમાં અલગ અલગ બ્રાન્ડના બીયરના ૧,૦૬૭ ટીનનો સમાવેશ થાય છે.

અલબત્ત, બુટલેગરે પોલીસને થાપ આપવા કાર પર બોગસ નંબર પ્લેટ લગાવી હતી, પરંતુ એન્જિન અને ચેસિસ નંબર પરથી સાચો નંબર ખુલ્યું હતું. જ્યારે કારની ડિક્કીમાંથી વધુ એક નંબર પ્લેટ, ફાસ્ટેગ અને PUC પણ મળી આવ્યા છે. આ અંગે અજાણ્યા કાર ચાલક અને માલિક વિરુદ્ધ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

નડિયાદમાં ભૂલકાંએ ગીતાના વિચારોને નૃત્યથી જીવંત કર્યા

બીએપીએસ આયોજિત 'બાળ પારાયણ ઝલક'માં બાળકોએ આત્મવિશ્વાસ, સંયમ અને શ્રદ્ધાનો આપ્યો પ્રેરણાદાયી સંદેશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ શહેરના નાના બાળકો જ્યારે પોતાની નિર્દોષતા અને કલાત્મક રજૂઆત સાથે આધ્યાત્મિક મૂલ્યો રજૂ કરે છે, ત્યારે તે સૌના હૃદયને સ્પર્શી જાય છે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની બાળ પ્રવૃત્તિ દ્વારા શ્રાવણ માસ દરમિયાન યોજાયેલી બાળ પારાયણની વિશેષ બાળ પારાયણ ઝલકનો ભાવસભર કાર્યક્રમ યોગીફાર્મ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરની સત્સંગ રવિ સભામાં ઉત્સાહભેર યોજાયો હતો.

સામાન્ય રીતે ભગવદ્ ગીતા જેવા ગહન આધ્યાત્મિક વિચારો ઉપદેશો સુધી સીમિત રહેતા હોય છે, પરંતુ નડિયાદના દસ વિસ્તારોના ૯૦થી વધુ બાળ-બાલિકાઓએ પોતાના ઉત્સાહ, અભિનય, નૃત્ય, સંવાદ અને વક્તૃત્વથી ગીતાના સંદેશાઓને

મંચ પર જીવંત કર્યા હતા. બાળકોએ ભગવદ્ ગીતાના ત્રણ મહત્ત્વપૂર્ણ જીવનસંદેશાઓ–આત્મવિશ્વાસ, સંયમ અને ભગવાનમાં શ્રદ્ધા–ને અત્યંત સરળ અને રસપ્રદ રીતે રજૂ કરીને સભામાં ઉપસ્થિત ૩૦૦૦થી વધુ હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સમગ્ર આયોજન નડિયાદ બાળ પ્રવૃત્તિના સંભાળતા પૂ. શાંતપુરુષ સ્વામી, પૂ. કોઠારી સ્વામી, પૂ. અક્ષર નયન સ્વામી તથા બાળ પ્રવૃત્તિના કાર્યકરોના માર્ગદર્શન અને અથાગ પરિશ્રમથી સફળ બન્યું હતું. બાળપણથી જ જો ભગવદ્ ગીતાના સંસ્કારો જીવનમાં ઉતરે તો બાળકનું ભવિષ્ય ઉજ્જવળ અને મૂલ્યનિષ્ઠ બની શકે છે, તેવો પ્રભાવક સંદેશ આ નાના ભૂલકાંઓએ પોતાની રજૂઆત દ્વારા આપ્યો હતો.

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., નડીઆદ.
"સરદાર પટેલ સહકાર ભવન", મીશન રોડ, નડીઆદ - ૩૮૭ ૦૦૨.
Email: account.ho@khedadccb.bank.in

પેટલાદ શાખાના લોકર્સ ધારકો જોગ અગત્યની નોટીસ

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેંટ્રલ કો-ઓપેરેટિવ બેંક લી.ની પેટલાદ શાખા હાલ ગાંધી ચોક, એન. કે. હાઈસ્કૂલ પાસે, મુ. પેટલાદ, જી. આણંદ મુકામે કાર્યરત છે. જે સંભવિત તારીખ ૧૯/૦૯/૨૦૨૬ ને શનિવાર સુધીમાં સ્થળાંતર થનાર હતી, જે તારીખ ૨૧/૦૯/૨૦૨૬ સોમવાર સુધીનું કામકાજ જૂના સરનામે રહેશે અને **તારીખ ૨૨/૦૯/૨૦૨૬, મંગળવારથી બેંકનું તમામ કામકાજ અધતન સુવિધાઓ સાથે સહકાર ભવન, પેટલાદ - સોજિત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડ ની બાજુમાં, સ્ટેશન રોડ, મુ. પેટલાદ ખાતેથી શરૂ થશે. સર્વે ગ્રાહકો તથા લોકર્સ ધારકોએ આ અંગેની ખાસ નોંધ લેવા** વિનંતી.

બેંકની શાખાના સ્થળાંતરને કારણે શાખાના લોકર્સને પણ સ્થળાંતરીત કરવામાં આવશે. જે અંગે બેંક દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવશે. તેમ છતાં સ્થળાંતર દરમ્યાન લોકર્સ ધારકની નુકશાન થઈ શકે તેવી કિંમતી ચીજવસ્તુઓને કોઈ ક્ષતિ ના પહોંચે તે બાબત ધ્યાનમાં રાખતા સાવચેતીના ભાગરૂપે તમામ લોકર્સ ધારકોને તેમની કીમતી ચીજ વસ્તુઓ લોકર્સમાંથી કામચલાઉ ધોરણે સ્થળાંતર તારીખ પહેલા કાઢી જવા જણાવવામાં આવે છે. લોકર્સ ઓપરેટ નહિ કરવાના સંજોગોમાં શીફ્ટીંગ દરમ્યાન કોઈપણ કારણસર લોકર્સમાં રહેલ સામગ્રીને નુકશાન / ક્ષતિ પહોંચશે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહિ. વધુ માહિતી માટે બ્રાન્ચ મેનેજર પેટલાદ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

પેટલાદ શાખાના ગ્રાહકો જોગ અગત્યની નોટીસ

આથી માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, આપ આપની પેટલાદ શાખાની કોઈ પણ બેન્કિંગ સેવાઓ અંગેની કોઈ પણ જાતની કાર્યવાહી કરાવવા માટે આપની અનુકૂળતા મુજબ બેંક ની પેટલાદ શાખાનો રૂબરૂ સંપર્ક કરી જરૂરી કાર્યવાહી કરાવી જશો. અન્યથા આપના તમામ પ્રકારના ખાતાઓ તેમજ લોકર બેંકના નવા સ્થળે એટલે કે સહકાર ભવન, પેટલાદ - સોજિત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડ ની બાજુમાં, સ્ટેશન રોડ, મુ. પેટલાદ ખાતે સ્થળાંતરીત કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો. વધુ માહિતી માટે બ્રાન્ચ મેનેજર પેટલાદ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

શ્રી સંદીપભાઈ ગજ્જર મેનેજર, પેટલાદ શાખા મો. નં. : ૭૦૪૬૯૯૫૦૦૫	શાખાનું હાલનું સરનામુ : એન. કે. હાઈસ્કૂલ પાસે, ગાંધી ચોક, મુ. પેટલાદ	શાખાનું નવું સરનામુ : સહકાર ભવન, પેટલાદ-સોજિત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડ ની બાજુમાં, સ્ટેશન રોડ, મુ. પેટલાદ

તા.૧૫-૦૯-૨૦૨૬ શાખા મેનેજર